રજુ તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
દાખલ તારીખ :૦૭/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ : ૧૩/૦૧/૨૦૨૩
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૦ ૦૩ ૦૬

**મે.આમોદના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મું: આમોદ.**

**ક્રિ.પ.અ. નં.૯૬/૨૦૨૨.**
**આંક-૧ નીચે હુકમ**

**અરજદાર:-** **ધનીબેન મોહન વાઘેલા,**
ઉ.વ.આ.પર, જાતે-હિન્દુ ધંધો-મજુરી
રહે.ભીમપુરા રોડ જલારામનગરી, મું.આમોદ, તા.આમોદ, જી.ભરૂચ

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** **મુખ્ય અધિકારી સાહેબ, આમોદ**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો-નોકરી,
ઠે. નગરપાલીકા કચેરી,આમોદ તા.આમોદ, જી.ભરૂચ

**અરજ:** **જન્મ મરણ અધિનિયમ કલમ ૧૩ (૩)(બી) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત ....**

---

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એમ.એસ.પટેલ**
**સામાવાળા તર્ફે --**

---

***<u>J U D G E M E N T</u>***

(૧) આ કામના અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૩(૩) (બી) મુજબ અરજદારના ભત્રીજા નામે જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ મોજે આમોદ, તા.આમોદ, જી.ભરૂચ મુકામે ઘરે થયેલો હતો.

જે તે વખતે વડીલોઓએ અરજદારના ભત્રીજાના જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ છે. હાલમાં અરજદારના ભત્રીજાના સરકારી કામ કાજ અર્થે જન્મના દાખલાની જરૂરીયાત પડતાં જેથી અરજદારે સામાવાળાની કચેરીમાં જન્મના દાખલાની માંગણી કરતા તેઓ તરફથી જન્મની નોંધણી થયેલ નથી તેવુ અપ્રાપ્ય પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. જેથી હાલની અરજી અરજદારે પોતાના ભત્રીજાના જન્મની નોંધ રજીસ્ટરમાં થાય તે અંગે જરૂરી હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજીના સમર્થનમાં અરજદાર ધનીબેન મોહન વાઘેલા નાએ આંક–૫ થી તેમજ સાહેદ વાઘેલા ચતુરભાઈ મોહનભાઈ નાએ આંક–૬ થી તેમજ સાહેદ વાઘરી લખીબેન રાયસંગભાઈ નાએ આંક–૭ થી સોગંદ ઉપર તપાસ રજુ કરેલ છે. તેમાં અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. જયારે દસ્તાવેજી પુરાવામાં અરજદારે આંક–૯ થી અપ્રાપ્ય પ્રમાણપત્ર, આંક–૧૦ થી અરજદારના આધાર કાર્ડની નકલ તેમજ નિ.૧૧/૧ થી ના.કોર્ટના હુકમ તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ દૈનિક વર્તમાન પત્ર ગુજરાત સમાચાર માં પ્રસિઘ્ધ કરેલ જાહેર નોટીસની પ્રત તથા આંક–૧૨ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદારે પોતાનો કેસ પુરવાર કરવા સારુ આંક–૫ થી અરજદારે સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે અને જેમાં તેઓએ તેઓના ભત્રીજા જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ મોજે આમોદ, તા.આમોદ, જી.ભરૂચ મુકામે થયેલો અને તેના જન્મની નોંધણી કરાવેલ નથી. જે બાબતે નામદાર કોર્ટના હુકમ મુજબ નિ.૧૧/૧ થી જાહેર નોટીસ પ્રસિઘ્ધ ગુજરાત સમાચાર ન્યુઝ પેપરમાં તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ કરાવેલ છે.

(૪) આમ અરજદારની અરજી સંદર્ભે રજુ થયેલ પુરાવા, સોગંદનામા, વિગેરે ઘ્યાનમાં લેતા અરજદારના ભત્રીજા નામે જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ આમોદ, તા.આમોદ, જી.ભરૂચ મુકામે થયેલાનું અરજદારની અરજી મુજબ આંક–૬,૭ ના સાહેદનું સમર્થન સાંપડેલ છે

સાથેસાથે આંક–૯ વાળા અપ્રાપ્ય પ્રમાણપત્ર થી તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ અરજદારના ભત્રીજાની જન્મની નોધણી થયેલ નથી તેવુ પુરવાર થાય છે. નિ.૧૧/૧ થી ગુજરાત સમાચાર વર્તમાન પત્રમાં અપાયેલ જાહેર નોટીસ સંદર્ભે કોઈ પણ ઈસમ, વ્યકિત કે સંસ્થા ધ્વારા અરજદારના ભત્રીજા નામે જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલાની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના હોવા બાબતે કોઈ વાંધો કે તકરાર રેકર્ડ પર આવેલ નથી. આમ અરજદારના ભત્રીજા નામે જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ થયેલ હોવાની બાબત સંદર્ભે રજુ થયેલ પુરાવા આધારે પુષ્ટી મળતી હોય અને એવી નોધણી થયેલ ન હોય તે બાબત સ્પષ્ટ થતી હોય અરજદારની અરજી બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

(૧) હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા મુખ્ય અધિકારી, નગરપાલિકા કચેરી, આમોદ, તા.આમોદ, જી.ભરૂચ નાઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ નિયમોનુસાર ***અરજદારના ભત્રીજા નામે જયંતિભાઈ જેઠાભાઈ વાઘેલા નાઓનો જન્મ મોજે આમોદ, તા.આમોદ ,જી.ભરૂચ મુકામે તા.૦૧/૦૬/૧૯૭૩ ના રોજ થયેલ છે*** તે સંદર્ભેની નોંધ જન્મ રજીસ્ટરમાં જરુરી લેઈટ ફી લઈ નોધી તે મુજબનો દાખલો કાઢી આપવો.

(૩) હુકમ મુજબ ચાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ:૧૩ મી, માહે: જાન્યુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળી જાહેર કર્યો.

તા.૧૩/૦૧/૨૦૨૩
મુ.આમોદ
સ્ટેનો :– એન.વી.પરમાર

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
જયુડી.મેજી.ફ.ક., આમોદ.
જજ કોડ જીજે૦૧૫૫૫